ગાંધીનગર સમાચાર

ઉત્તર ગુજરાત

સાબરકાંઠા - અરવલ્લી

તા. ૯-૫-૨૦૨૧, રવિવાર



# ઉત્તર ગુજરાતમાં ૨૪ કલાકમાં સંક્રમિત કેસ ૧૧,૦૦૦ નજીક, વધુ ૧૨નાં મોત

## અરવલ્લી-૭૭, સાબરકાંઠા-૮૭ દર્દી સાજા થયા, બેડની અછત ઠેર ની ઠેર

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૮

ગરમી વધી તેમ કોરોના સંક્રમણમાં વધારો થઈ રહ્યો છે. પાછલા ૨૪ કલાકમાં ઉત્તર ગુજરાતમાં કોરોના સંક્રમિત કેસ ૧૧,૦૦૦ સુધી પહોંચ્યા છે અને વધુ ૧૨ લોકો કોરોનામાં હોમાયા છે. અરવલ્લી, સાબરકાંઠામાં ૧૬૪ દર્દી સાજા થયા છે પરંતુ બેડની અછત ઠેર ની ઠેર જોવા મળી. જેના કારણે આંકડાની માયાજાળ સામે દર્દીઓના સગાઓએ આક્રોશ ઠાલવ્યો છે.

ઉત્તર ગુજરાતમાં કોરોનાના કેસમાં વેક્સિનેશન પછી રાહત મળવાની સંભાવના હતી પરંતુ જેમ વેક્સિનેશનનું પ્રમાણ વધ્યું તેમ કોરોના સંક્રમિત કેસમાં ભયજનક ઉછાળો આવ્યો છે. છેલ્લા ૨ દિવસથી અનેક સ્મશાન ગૃહોમાં મડદાં બાળવા માટે લાકડાં ખૂટી પડ્યાં છે તેમ છતાં મોતના તાંડવના આંકડા છૂપાવવાના પ્રયાસો થયાના આક્ષેપ લાગેલા છે.

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં કોરોનાગ્રસ્ત અનેક દર્દીઓને સરકારી કોવિડ હોસ્પિટલમાં બેડ મળતા નથી. રેમડેસિવિર ઈન્જેક્શનની અછત અને સમયસર ઓક્સિજન ન મળતાં દર્દીઓ તરફડી..તરફડીને મરી રહ્યા છે.

આ કડવી વાસ્તવિક્તા છતાં તંત્રમાં કોઈ સુધારો આવ્યો નથી. સ્થિતિ સુધરવાના બદલે વધુ બેહાલ બની રહી છે. પરિવારનો કોઈ સભ્ય કોરોનાગ્રસ્ત થયા પછી પરિવારના સભ્યોને તે બચશે નહીં તેવી ફડક પેસી જાય છે અને ત્યાર પછી આવા પરિવારની માનસિક હાલત વધુ ડામાડોળ બની જાય છે. રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ પાછલા ૨૪ કલાકમાં ૫ જિલ્લામાં ૧૦,૮૭૦ સંક્રમિત કેસ નોંધાયા છે. મહેસાણા, પાટણ, સાબરકાંઠામાં કોરોનાથી ૩-૩, અરવલ્લી-૨ અને બનાસકાંઠામાં ૧ દર્દીનું મોત નિપજ્યાનું જણાવ્યું છે.

# ઈડર તાલુકામાં આઈસોલેટ સેન્ટરો શોભાના ગાંઠીયા

### સરકારના આદેશ પછી ગ્રામ પંચાયતો દ્વારા તાત્કાલિક પ્રાથમિક શાળાઓ તથા કોમ્યુનિટી હોલમાં બેડ સાથેની પ્રાથમિક જરૂરિયાતો સભર બનાવેલ કોરોન્ટાઈન સેન્ટરોમાં એક અઠવાડિયુ થવા છતાં એક પણ પોઝિટિવ લોકો કોરોન્ટાઈન થયા નથી

ઈડર તા.૮

કોરોના ની બીજી લહેર ઘાતકી અને માનવભક્ષી સાબિત થઈ વધુને વધુ લોકોને ભરખી રહ્યો છે.ત્યારે સરકારે મોડીમોડી જાગી તાત્કાલિક ગ્રામપંચાયત ધ્વરા ગામમાં આઈસોલેટ સેન્ટરરો શરૂ કરવા હુકમ કરતા જિલ્લા પંચાયત થી લઈ તાલુકા પંચાયત ના અધિકારીઓ ધ્વરા દબાણ પૂર્વક




ગ્રામ પંચાયતના સરપંચો પાસે ગામની પ્રાથમિક / માધ્યમિક કે કોમ્યુનિટી હોલ માં જ્યાં વ્યવસ્થા હોય ત્યાં તાત્કાલીક સેન્ટરો શરૂ કરાવ્યા અને કોરોના પોઝિટિવ લોકોને સેન્ટર પર કોરાંટાઈન કરવા પ્રાથમિક સુવિધાઓ સભર સેન્ટરો શરૂ કરવામાં આવ્યા પરંતુ એક અઠવાડિયા જેટલો સમય થયો પણ મોટાભાગના સેન્ટરો પર એક પણ કોરોના પોઝિટિવ ત્યાં કોરોન્ટાઈન થવા આવ્યા નથી.

ગત અઠવાડિયે તાલુકાની ગ્રામ પંચાયતો ધ્વરા પોતપોતાના ગામ કક્ષાએ સરકાર ના આદેશ પ્રમાણે ગામની પ્રાથમિક શાળા અથવા માધ્યમિક શાળા અને કોમ્યુનિટી હોલ જ્યાં વ્યવસ્થા થઈ શકે તેમ હતી ત્યાં તાત્કાલિક ધોરણે ગામના પોઝિટિવ લોકો માટે જેમના ઘરે કોરોન્ટાઈન થવાની અલગ વ્યવસ્થા નથી તેવા લોકો માટે પ્રાથમિક સુવિધા સભર જેવું કે બેડ,પથારીઓ,પાણી પીવાની વ્યવસ્થા, બાથરૂમ ટોયલેટ ,લાઈટ,પંખા જેવી પાયાની સુવિધાઓ સાથે દરેક ગામે પંચાયત ધ્વરા ગામ આગેવાનો અને ગામની સહકારી સંસ્થાઓના સહયોગ થી કોવિડ આઈસોલેટ સેન્ટરો શરૂ કર્યે એક અઠવાડિયા જેટલો સમય થયો હોવા છતાં મોટા ભાગના ગામો ના સેન્ટરો પણ એક પણ પોઝીટીવ દર્દી કોરાંટાઈન થવા આવ્યો નથી. સરકારે ધ્વરા પોઝિટિવ લોકો પોતાના ઘરે અલગ સુવિધના અભાવે વધુને વધુલોકો ચેપ ગ્રસ્થ થતા હતા.જેના કારણે સંકમિતોમાં વધારો થતો હતો .જેને લઈને સરકાર ધ્વરા દરેક ગ્રામ પંચાયતો માં આઈસોલેટ સેન્ટરો શરૂ કરી કોરોના ની ચેઈન તોડવા પ્રયાસો શરૂ કારવામાં આવ્યા હતા .ઈડર તાલુકાના પૂર્વ વિસ્તાર ના મોટા કોટડા,ચિત્રોડા,ભ્રમપુરી, ગોધમજી અને રૂવચ ગ્રામ પંચાયત ધ્વરા પ્રાથમિક સુવિધા સભર બનાવેલ આઈસોલેટ સેન્ટરો શોભના ગાંઠીયા સાબિત થયા છે.

# બાયડમાં આર. એન્ડ બી. સ્ટેટ વિભાગની બેદરકારી નોંતરશે મોટી હોનારત

### ભૂગર્ભ ગટરનાં ૪ ઢાંકણ જોખમી, ઢાંકણ વગરની કુંડીમાં કાર ખાબકી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૮

બાયડમાં આર. એન્ડ બી. સ્ટેટ વિભાગની બેદરકારી મોટી હોનારત સર્જી શકે છે. મુખ્ય હાઈવે ઉપર ભૂગર્ભ ગટરનાં ૪ ઢાંકણ જોખમી છે અને બસ સ્ટેશન વિસ્તારમાં ઢાંકણ વગરની કુંડીમાં તાજેતરમાં કાર ખાબકતાં ચાલક અને મુસાફરોનો માંડ બચાવ થયો હતો. બાયડ પાલિકા દ્વારા પણ આર. એન્ડ બી. સ્ટેટને સત્વરે જોખમી ઢાંકણ હટાવી સુરક્ષિત ઢાંકણ લગાવવા માટે લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે.

મોડાસા, ધનસુરા, બાયડ, કપડવંજ સ્ટેટ હાઈવેનું સંચાલન નડીયાદ તાબાની કચેરીથી થઈ રહ્યું છે ત્યારથી રોડ અસમતોલ બનવાની સાથે હાઈવે સાઈડની ગટરો વધુ



જોખમી બની ગઈ છે. મેન્ટેનન્સ ખર્ચ માત્ર કાગળ ઉપર ઉધારાતો હોય તેવી સ્થિતિ છે. ચોમાસુ નજીકમાં છે ત્યારે પ્રિ-મોન્સૂન એક્શન પ્લાનની અમલવારી શરૂ કરવાની હોય પરંતુ આર. એન્ડ બી. સ્ટેટ દ્વારા આવી કોઈ કાર્યવાહી શરૂ કરવામાં આવી નથી. બાયડના મુખ્ય હાઈવે ઉપર બસ સ્ટેશન પાસેના શોપીંગ આગળ ભૂગર્ભ ગટરનું ઢાંકણ અદ્રશ્ય થઈ ગયું છે જેથી રાત્રે અને દિવસે અનેક વાહન ચાલકો તેમાં ઉતરી પડ્યાના કિસ્સા છે. જ્યારે ગાબટ રોડ નજીક પણ બે જોખમી ઢાંકણ હોવાથી ગમે તે ઘડીએ મોટી દુર્ઘટના સર્જાઈ શકે છે. આર. એન્ડ બી. તાબાની ભૂગર્ભ ગટરનાં ઢાંકણ જોખમી છે અને આ અંગે પાલિકા દ્વારા વિભાગને લેખિત રજૂઆત પછી પણ ઉચિત પગલાં ભરાયાં નથી જેના કારણે ગમે તે ઘડીએ મોટી હોનારત સર્જાવવાનો ભય રહેલો છે.

# સરકારનો અણઘડ વહીવટ : સાબરકાંઠામાં કોંગ્રેસ આગેવાનોએ વિરોધ કરતાં ૨૦ કાર્યકરો ડીટેઈન કરાયા

### જિલ્લામાં બેડ, ઈન્જેક્શનની અછતથી દર્દીઓ જીવ ગુમાવી રહ્યા છે

હિંમતનગર, તા.૦૮

સાબરકાંઠા જિલ્લામાં કોરોનાના દર્દીઓને સારવાર માટે બેડ મળતા નથી. ઓક્સિજન અને



રેમડેસિવિરની અછતથી દર્દીઓ મરવા લાગ્યા છે ત્યારે કોંગ્રેસે રાજ્ય સરકાર સામે નિશાન તાકી સરકારના અણઘડ વહીવટને ખુલ્લો પાડવા માટે જિલ્લા કોંગ્રેસ સમિતિ પ્રમુખ કમલેશ પટેલ, પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા વગેરે હિંમતનગર બહુમાળી ભવને જઈ કલેકટર કચેરી આગળ તાત્કાલિક લોકોના જીવ બચાવવા માટે જરૂરી સુવિધા ઉભી કરવા રજૂઆત કરતાં તમામ ૨૦ આગેવાન-કાર્યકરોને ડીટેઈન કરવામાં આવ્યા છે.

કોરોનાની પ્રથમ લહેરમાં તંત્ર અને આરોગ્ય વિભાગની કામગીરી વખણાઈ પરંતુ બીજી લહેરમાં આયોજનનો અભાવ જોવા મળ્યો. હિંમતનગર સિવિલમાં સારવારના અભાવે અનેક દર્દીઓ મોતને ભેટ્યા. છેલ્લા કેટલાક સમયથી સિવિલ હોસ્પિટલ ડેથ હોસ્પિટલ તરીકે પંકાવવા લાગી છે. આજે પણ જિલ્લામાં કોરોના સંક્રમિત દર્દીઓને સરકારી કોવિડ હોસ્પિટલમાં બેડ, રેમડેસિવિર ઈન્જેક્શન અને ઓક્સિજન મળતો નથી તેવો આક્રોશ તમામ તાલુકામાં છે ત્યારે કોંગ્રેસના જિલ્લા સંગઠન પ્રમુખ તેમજ કોંગ્રેસના આગેવાનોએ જિલ્લા કલેક્ટર કચેરીએ પહોંચી સરકારના અણઘડ વહીવટ સામે બેનરો દર્શાવી વિરોધ પ્રદર્શન કરતાં કોંગ્રેસના આગેવાનોને ડીટેઈન કરવામાં આવ્યા છે.

# વેક્સિન લીધી એટલે કોરોનાને હરાવ્યો : બાયડમાં ૯૦ વર્ષનાં વૃદ્ધા ઘરે જ સારવાર લઈ સાજા થયા

### કોરોના છતાં ગજબની હિંમત દાખવી, ૮ દિવસ હોમ ક્વોરન્ટાઈન રહ્યા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૮

બાયડ તાલુકાના હઠીપુરા ગામના વતની અને હાલ બાયડની સ્વામિનારાયણ સોસાયટીમાં પુત્રના ઘરે રહેતા ૯૦ વર્ષના કમળાબેન નટવરભાઈ પટેલે ઘરે સારવાર લઈ કોરોનાને હરાવ્યો છે. વેક્સિન લીધી એટલે કોરોનાને હરાવ્યો તેમ જણાવી કોરોના થાય તો જરાપણ નાસીપાસ થયા વગર પોઝિટિવ વિચારો કરો અને કોરોનાને હરાવો..તેવી કોરોનામાં કણસતા દર્દીઓને સલાહ આપી છે. કોરોનાના લક્ષણો જણાય પછી ફેમીલી ડૉક્ટર પાસે પહોચ્યા હતા જ્યાં જરૂરી રિપોર્ટ નિકાળ્યા પછી દવાઓ લીધી અને હોમ ક્વોરન્ટાઈન થયા માત્ર ૮ દિવસમાં જ ૯૦ વર્ષના વૃદ્ધાએ કોરોનાને હરાવવામાં સફળતા મેળવી છે.

છેલ્લા ૨૫ દિવસથી કોરોનાના કહેરથી યુવાઓ અને વૃદ્ધોના વધુ સંખ્યામાં મોત થયા. આ હકીકત સાચી છે પરંતુ જેમના પણ મોત નિપજ્યા તે પૈકીના મોટાભાગના દર્દીઓએ કોરોના વેક્સિનેશન કરાવ્યું ન હતું કાં તો માંડ એક ડોઝ લીધો



હતો અને એક ડોઝ લેવાનો બાકી હતો. કોરોના વેક્સિનેશન લીધા પછી કોરોનાથી સંક્રમિત થઈએ તો પણ મોતની સંભાવના નહીંવત રહે છે. બાયડના સ્વામિનારાયણ સોસાયટીમાં રહેતા નિવૃત્ત સિંચાઈ ઈજનેર ડી.એન.પટેલના માતા કમળાબેન કોરોનાથી સંક્રમિત થયા, જરૂરી દવાઓ સાથે ડૉક્ટર દ્વારા હોમ ક્વોરન્ટાઈન થવાની સલાહ આપવામાં આવી તે મુજબ હોમ ક્વોરન્ટાઈન થયા અને માત્ર ૮ જ દિવસમાં કોરોનાને હરાવીને હવે બિલકુલ સ્વસ્થ થયા છે. કમળાબેન પટેલે જણાવ્યું કે કોરોના થાય એટલે હંમેશાં પોઝિટિવ વાત સાંભળો, પ્રજા-સમાજમાં મહેરબાની કરીને નકારાત્મક પ્રચાર અટકાવો, સમયસર યોગ્ય સારવાર લેવામાં આવે તો ગમે તેટલો ડેન્ઝરસ કોરોના હોય તો પણ હરાવી શકાય છે. અત્યારે કોરોનાના વાવડમાં અનેક લોકોના મોત નિપજ્યા છે. જે દુઃખદ બાબત છે પરંતુ મોટાભાગના કેસમાં જોવામાં આવે તો વેક્સિન ન લેવી, દવા ન લેવી, સમયસર સારવાર માટે ન જવું અને અન્ય બીજા કારણોસર પણ મૃત્યુદર ઉંચકાયો છે. કોરોનામાં ૯૯ ટકા બાબતોમાં કાળજી રાખનાર દર્દીનું ક્યારેય મોત નિપજતું નથી અને ઝડપથી કોરોનાના ચેપમાંથી બહાર આવી જાય છે તેમ તેઓએ જણાવ્યું છે.

# તંત્ર માત્ર કોરોનામાં પરોવાયું : સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં પ્રિ-મોન્સૂન એક્શન પ્લાન અદ્ધરતાલ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૮

છેલ્લા સવા વર્ષથી જિલ્લાનું વહીવટી તંત્ર સવાર થી સાંજ માત્ર કોરોનાની કામગીરીમાં રચ્યું પચ્યું છે. ચોમાસુ ઢુકળું છે ત્યારે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાનું વહીવટી તંત્ર હજુ પણ કોરોના મહામારીમાં પરોવાયું છે જેના કારણે પ્રિ-મોન્સૂન એક્શન પ્લાન અદ્ધરતાલ રહ્યા છે. એકાએક વાવાઝોડા સાથે ભારે વરસાદ વરસે તો જિલ્લાના અનેક વિસ્તારોમાં પાણી નિકાલના અભાવે પાણી ભરાઈ જવાની અને પ્રજાની કરોડોની સંપત્તિને નુકસાન પહોંચવાની દહેશત છે.

દર વર્ષે એપ્રિલના અંત કે પછી મે. ના પ્રારંભમાં તંત્ર દ્વારા પ્રિ-મોન્સૂન એક્શન પ્લાનનો અમલ શરૂ થતો હતો જેમાં આર.એન્ડ બી., સ્ટેટ, સિંચાઈ, વિજ તંત્ર સહિતના વિભાગોને વાવાઝોડા તથા ભારે વરસાદની સ્થિતિમાં વરસાદી પાણી અવરોધાય નહીં, કોઈ ઝાડ તૂટી પડે તો વિજ પુરવઠો ખોરવાય નહીં તેની તકેદારીના ભાગરૂપે યોગ્ય મેન્ટેનન્સ કરવાનું હોય છે. આર. એન્ડ બી. સ્ટેટ અને જિલ્લા પંચાયતને રસ્તાના ભાગનાં ગરનાળાં, ભૂગર્ભ ગટરો વગેરેની યોગ્ય સફાઈ કરવાની હોય છે. પરંતુ આ વર્ષે મે. નું પ્રથમ સપ્તાહ પુરૂ થયું છતાં પ્રિ-મોન્સૂન એક્શન પ્લાનની કામગીરી અદ્ધરતાલ રહી છે. ગત વર્ષે સાગમટે ૩ થી ૫ ઈંચ વરસાદ વરસ્યો એટલે અનેક નિચાણવાળા વિસ્તારોમાં મકાનોમાં પાણી ઘૂસી જતાં પ્રજાની સંપત્તિને નુક્સાન પહોંચ્યું હતું પરંતુ આ વર્ષે તો પ્રિ-મોન્સૂન એક્શન પ્લાન કાગળ ઉપર રહ્યો છે જેથી સાગમટે ૨ થી ૩ ઈંચ વરસાદ વરસે તો પણ અનેક શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં સ્થિતિ જળબંબોળ બનવાની દહેશત છે.

# સાબરકાંઠા રેમડેસિવિર કાંડ : અમદાવાદની આનંદ સર્જીકલ હોસ્પિટલની નર્સ સહિત બે મુખ્ય આરોપીઓની અટકાયત

### સાબરકાંઠા એલ.સી.બી.એ આરોપીઓના રીમાન્ડની તજવીજ શરૂ કરી, રેમડેસિવિરના કાળા બજારનો રેલો વડાલી સુધી..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૮

અમદાવાદની આનંદ સર્જીકલ હોસ્પિટલની નર્સ દ્વારા હોસ્પિટલમાંથી ૬ રેમડેસિવિર ઈન્જેક્શનની ચોરી કરી તેમના ઓળખીતા સાબરકાંઠાના



સાગરીતોને કાળા બજાર માટે આપ્યાની સનસનીખેજ વિગતો સામે આવી છે. સાબરકાંઠા એલ.સી.બી. ટીમે હોસ્પિટલની નર્સ, મુખ્ય આરોપી ફાલ્ગુનીબેન રમેશભાઈ પરમાર (હાલ રહે.પારસનગર, અમદાવાદ, મૂળ રહે.વડાલી) અને મુકેશ કડવાભાઈ પરમાર(મૂળ રહે. ચિત્રોડી, હાલ રહે.વૈશાલી ફ્લેટ, બાપુનગર)ની અટકાયત કરી છે. જેમાં ફાલ્ગુનીબેન પરમાર અમદાવાદની આનંદ સર્જીકલ હોસ્પિટલમાં ફરજ બજાવે છે અને તેમને રેમડેસિવિર ઈન્જેક્શનની હોસ્પિટલમાંથી ચોરી કરીને સાબરકાંઠાના આરોપીઓને આપ્યાનું જણાવતાં રેમડેસિવિર ઈન્જેક્શનના કાળા બજારનો સંપૂર્ણ પર્દાફાશ થયો છે. બંન્ને આરોપીઓના રીમાન્ડ મેળવવાની તજવીજ શરૂ કરી છે.

રેમડેસિવિર ઈન્જેક્શનના કાળા બજારમાં રાજ્યભરમાં ડૉક્ટર, નર્સ સહિત અનેક લોકોની સંડોવણી ધીમે ધીમે બહાર આવી રહી છે.



હિંમતનગર સિવિલના હંગામી સ્ટાફની કાળા બજારમાં મોટાપાયે સંડોવણી પછી સનસનાટી મચી ગઈ છે. આવનારા દિવસોમાં તપાસ દરમ્યાન અનેક તડાકા..ભડાકા થઈ શકે છે. ગત સપ્તાહે હિંમતનગરમાંથી રેમડેસિવિર ઈન્જેક્શનનું કાળા બજાર રેકેટ પકડાયા પછી પોલીસે કુલ-૭ આરોપીઓને દબોચ્યા હતા અને ત્યારબાદ બે મુખ્ય આરોપીઓ કે જે અમદાવાદ રહે છે તેમને પોલીસે દબોચી લીધા છે. અત્યાર સુધીમાં તો માત્ર ૬ રેમડેસિવિર ઈન્જેક્શનની અમદાવાદની હોસ્પિટલમાંથી ચોરી કરી વેચાણ આપ્યાનું આરોપીઓએ નિવેદન આપ્યું છે પરંતુ પોલીસ રીમાન્ડ દરમ્યાન આ રેકેટનો રેલો ખાનગી ડૉક્ટરોના પગ તળે આવવાની પણ સંભાવના છે.

### કાળા બજાર માટે ઈન્જેક્શનની ચોરી : એલ.સી.બી., પી.આઈ.

બાયડ : હિંમતનગરમાં રેમડેસિવિર કાળા બજાર કાંડનો પર્દાફાશ કરી સાબરકાંઠા એલ.સી.બી.એ એક પછી એક ૯ આરોપીઓને દબોચી લીધા છે તે પૈકીના મોટાભાગના આરોપીઓ સિવિલ હોસ્પિટલ સાથે સંકળાયેલા હોવાનું પણ બહાર આવ્યું છે. એક કેમીસ્ટની પણ સંડોવણી છે ત્યારે એલ.સી.બી., પી.આઈ. એમ.ડી.ચંપાવતે જણાવ્યું કે અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં કાળા બજાર માટે ૬ ઈન્જેક્શનની ચોરી કરવામાં આવી હતી. આરોપીઓના રીમાન્ડ દરમ્યાન વધુ વિગતો બહાર આવી શકે છે.

### અત્યાર સુધી પકડાયેલા આરોપીઓ..

દિનેશભાઈ જીવાભાઈ વણકર, હાલ રહે.હિંમતનગર, મૂળ રહે.ગોધમજી.
પિયૂષ અંબાલાલ પટેલ, હાલ રહે.હિંમતનગર, મૂળ રહે.કરણપુર
ઉત્તમભાઈ જ્યંતિભાઈ સોલંકી, રહે.હિંમતનગર
કમલેશ ધર્માભાઈ રાઠોડ, રહે.ગોધમજી
સચિનકુમાર ખોળીદાસ સોલંકી, રહે.તાજપૂરી સોલંકીવાસ
હાર્દિકા પિયૂષભાઈ કાન્તિભાઈ સોલંકી, હાલ રહે.ભોલેશ્વર, હિંમતનગર, મૂળ રહે.તાજપૂરી
સચિનકુમાર કાનાભાઈ પરમાર, રહે.સાંચોદર
મુકેશભાઈ કડવાભાઈ પરમાર, રહે.અમદાવાદ, મૂળ રહે.ચિત્રોડી
ફાલ્ગુનીબેન રમેશભાઈ કચરાભાઈ પરમાર, રહે.અમદાવાદ, મૂળ રહે.વડાલી

### રેમડેસિવિરના કાળા બજારમાં વકીલો નૈતિક્તા દાખવી કેસ લડવાથી દૂર રહે

બાયડ : રાજ્યમાં કોરોનાની મહામારીમાં રેમડેસિવિર ઈન્જેક્શનનું કાળા બજાર અને નકલી ઈન્જેક્શનનો વેચવાનો મામલો બહાર આવ્યા પછી આવા આરોપીઓ સામે રોષ ફાટી નિકળ્યો છે. સુરતમાં રેમડેસિવિર કાંડમાં સંડોવાયેલા આરોપીઓના કેસ નહીં લડવાનો બાર એસોસીએશને નિર્ણય કર્યો છે ત્યારે સાબરકાંઠા, હિંમતનગરના વકીલોએ પણ નૈતિક્તા દાખવી રેમડેસિવિરના કાળા બજાર કરનારાઓના કેસ લડવાથી દૂર રહેવું જોઈએ તેવો સર્વ સામાન્ય લોકમત પ્રવર્તિ રહ્યો છે.

# કોરોના ભય : મેઘરજમાં આજથી ૧૬ મે સુધી બજારો સંપૂર્ણ બંધ, માત્ર જીવન જરૂરી ચીજવસ્તુ મળી શકશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૮

ઉત્તર ગુજરાતમાં કોરોનાનો ભય ચારે દીશામાં હાવિ થયો છે. પ્રજાએ ગભરાયા વગર કોરોના સામે તકેદારી રાખવાની છે. મેઘરજમાં આજે રવિવાર થી તા.૧૬ મે. સુધી વેપાર-ધંધા સંપૂર્ણ બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. પરંતુ આવશ્યક ચીજવસ્તુ જેમાં મેડીકલ, દૂધના પાર્લર, શાકભાજીનું વેચાણ ચાલુ રહેશે. વેપારીઓ કોરોના સામેના આતંકમાં લડવા માટે તંત્રને સહકાર આપે તેવી અપીલ કરવામાં આવી છે.

સમય સમય બળવાન છે ગત વર્ષે એપ્રિલ-મે. મહિનામાં લૉકડાઉન સમયે ધંધા-રોજગાર બંધ રખાવવા માટે પોલીસને કવાયત કરવી પડી હતી. ક્યાંક દંડા ઉગામવા પડ્યા હતા તો ક્યાંક ટોળાંને શોધવા માટે ડ્રોનનો પોલીસ દ્વારા ઉપયોગ થયો હતો. પરંતુ આ વર્ષે સરકારે લૉકડાઉન આપ્યું નથી પરંતુ સ્થાનિક પ્રજા અને વેપારીઓ કોરોનાની મહામારીથી બચવા માટે સ્વયંભૂ લૉકડાઉન અને આંશિક લૉકડાઉન તરફ વળ્યા છે. મેઘરજ વિસ્તારમાં કોરોનાના કારણે અનેક લોકો મોતને ભેટ્યા છે ત્યારે કોરોનાની ચેન તોડવા માટે ધંધા-રોજગાર બંધ રાખવા આવશ્યક છે કારણ કે મેઘરજ વેપારી મથક છે અને મેઘરજ ઉપરાંત ગામડાં અને રાજસ્થાનના અનેક લોકો ખરીદી માટે આવે ત્યારે સોશ્યલ ડિસ્ટન્સ અને માસ્ક પહેરવાનું ભુલાય છે આ સંજોગોમાં વેપારીઓ અને અન્ય લોકો સંક્રમિત થવાનો ભય ઉભો થયો હતો જેથી વેપારીઓ દ્વારા તા.૯ મે. થી ૧૬ મે. સુધી ધંધા-રોજગાર સંપૂર્ણ બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે.